# 16th

# ANNUAL REPORT

# ALL MEMON WELFARE CO-OPERATIVE HOUSING SOCIETY LIMITED

***1-7-1986 to 30-6-1987***

## ઓલ મેમણ વેલ્ફેર કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ

## ૧૬મો વાર્ષિક ઓડિટ હિસાબ-કિતાબ

Published by :
**MANAGING COMMITTEE**
All Memon Welfare Co-operative Housing Society Ltd.

Registered Office :
247, Sunny Plaza, 2nd Floor,
Hashrat Mohani Road, Karachi.

CamScanner

Phone : 217590

# All Memon Walfare Co-op. Housing Society Limited.

247, Sunny Plaza. 2nd Floor, Hasharat Mohani Road, Karachi.

Karachi, Dated 22nd August, 1981

Ref..786 (99) AGM/16/389/87

## NOTICE FOR 16TH ANNUAL BODY MEETING AND ANNUAL GENERAL ELECTIN FOR 1987-1988

16 ANNUAL GENERAL BODY MEETING AND ELECTION FOR THE YEAR 1987-1988 OF ALL MEMON WELFARE CO-OP. HOUSING SOCIETY LIMITED, KARACHI WILL BE HELD.

ON FRIDAY THE 9TH OCTOBER, 1987 AT 10-30 A.M.

AT GHOSIA HALL, RANCHORE LANE, KARACHI.

FOLLOWING AGENDAS WILL BE TRANSACTED AT THE ANNUAL GENERAL BODY MEETING :

All the plot holders of the Society are requested to attend the meeting.

AGENDAS : ( O-O ) TILAWAT-E-QURA'N.

ITEM NO. 1 : To read & confirm the minute of the last 15th Annual General Body Meeting of the Society held on 3rd Oct., 86.

ITEM NO. 2 : To approve & confirm the Annual Report of the activities of the Managing Committee for the year 1986-87 ended on 30th June 87.

ITEM NO. 3 : To approve & confirm the Audited Accounts of the Society duly audited by the Chartered Account ant of the Society for the year 1986-87, ended on 30th June, 1987.

ITEM NO. 4 : To eiectappoint Auditor for the year 1987-88 and to fix their remuneration.

ITEM NO. 5 : To elect one President and 6 (Six) Committeemen for the year 1987-88 as per Bye-Laws No. 47 (a) of the Society.

( A retiring President Mrs. Ishrat Hanif Motiwala and Six Committeemen nomely, (1) Mr. Yusuf Abdullah, (2) Mr. Abdul Gani Jiva Bhai, (3) Mr. Hajee Muhammeed Hanif Tayyab, (4) Mr. Memon Ali Mohd. Mithoo, (5) Mr. Mohd. Yusuf M. Memon, (6) Mr. Abdul Satter Suleman Bhangda.

ITEM NO. 6 : To consider and if approved adopt the proposed Amendments in the Present printed Bye-Laws No. 7 of the Society. (to restric the membership and transfer of plots within the member of the Memon Community) (Proposed Schedule of Amendment is given on page No. 3).

ITEM NO. 7 : To any other matter of which a Notice is given to the Committee, not the less than 14 days before the Annual GeneralBody Meeting.

NOTES 1 : Should the meeting be adjourned for want of Quorram OR because of Agendas remain un-finished, the Adjourned meeting will be held on 16th Oct., 1987 at the same time and place.

2) : Any member wishing to move any resolution should file the resolution text duly proposed and seconded in the Society's Office during office honrs by 24th Sept. 1987.

ALI MOHAMMAD PIPRANI
Hon. Gen. Secretary
For All Memon Welfare Co-op. Housing Society Ltd.

# ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીની

## પ્ર મુ ખ

## મોહતરેમા ઈશરત હનીફ મોતીવાલાની



# ત ક રી ર

માનનીય સભ્યો,
હાજરીન ભાઈઓ અને બહેનો
અસ્સલામો અલયકુમ

આજની આ ૧૬મી વાર્ષિક સામાન્ય સભામાં આપ સૌને આવકારતાં હું અત્યંત ખુશી અનુભવું છું.

વહાલા સભ્યો, આવો આપણે અલ્લાહ-તઆલાના શુક્ર અદા કરીએ કે તેની અપાર રહેમતો થકી આપણી સંસ્થા પોતાની ભરચક કારકીર્દીના ૧૬ વર્ષ પુરા કર્યા છે.

સંસ્થાની પ્રવૃતિઓનો વિગતવાર અહેવાલ આપણી સોસાયટીના ખંતીલા માનદ મંત્રી જ. અલીમોહંમદ પીપરાણી સાહેબે આપની સમક્ષ રજુ કર્યો છે એટલે તેને ફરીવાર દોહ-રાવીને આપનો કીમતી સમય વેડફવા માગતી નથી.

આજની આ વાર્ષીક સભાનો લાભ ઉઠાવીને મારે માત્ર એટલું જ કહેવાનું છે કે જ્યા આપ ઇચ્છો છો કે સોસાયટી બધા કામો જેમ બને તેમ જલ્દી આટોપીને પ્લોટોની અમાનતો તેના એલોટીઓને સુપર્દ કરી દે. ત્યાં આપણી પણ આ પહેલી ફરજ છે કે સોસાયટી તરફથી વખતો વખત જે સુચનો આપવામાં આવે છે તેના ઉપર આપ સૌ અમલ કરો.

મને આ વાતની નોંધ લેતાં અત્યંત હર્ષ અને સંતોષ થાય છે કે ઓકટોબર ૧૯૮૫માં યોજાયેલી સોસાયટીની ૧૪મી વાર્ષીક સભા પ્રસંગે મારા તરફથી રજુ કરાયેલા તમામ મેમણ હાઉસીંગ સોસાયટીઓનું એક વગદાર મંડળ-ફેડરેશન ઉભું કરવાના સુચનને કોમની નેતાગીરીએ બહુજ ગંભીરપુર્વક ઉપાડી લીધો છે. અને બે વર્ષના ગાળામાં જ. હાજી ઇબ્રાહીમ શેઠ પાકોલાવાલા, જ. અ. કરીમ પાનવાલા, જ. મો. સીદીક પોલાણી, જ. પીરમોહંમદ કાલ્યા અને આપણી સંસ્થાના જ. અલીમોહંમદ પીપરાણી, જ. હારૂન માર-ફાણી અને જ. રફીક નુરની એકધારી

CamScanner

કોશીશોથી "ફેડરેશન ઓફ મેમણ કો-ઓપ. સોસાયટી લી."ના નામની એક મર્કઝી સંસ્થા કાયમ થઇ ગઇ છે. તેનો બંધારણ પણ તૈયાર થઇ ગયો છે અને ઉમ્મીદ છે કે ઇન્શાઅલ્લાહ તેને ટુંક સમયમાં જ રજીસ્ટ્રેશન મળી જશે. મજકુર ફેડરેશનની હંગામી ઓફીસ આપણી સોસાયટીની સની પ્લાઝાની ઓફીસમાં જ રાખવામાં આવી છે. ઉમ્મીદ છે કે આ મર્કઝી સંસ્થા દ્વારા આપણી બિરાદરીની તમામ હાઉસીંગ સોસાયટીઓને સારૂં એવું માર્ગદર્શન, માહિતીઓ અને સહાય મળતી રહેશે.

અલ્લાતતઆલાનો શુક્ર અદા કરૂં છું કે તા. ૨૭ ઓગસ્ટ ૧૯૮૯ના આપ તમામ સભ્યોને આપની અમાનતની એક મોટી જવાબદારી એલોટમેન્ટ ઓર્ડર આપવામાં અમે સફળ થયા છીએ. ઇન્શાઅલ્લાહતઆલા એવી જ રીતે આવતા વર્ષના અંત પહેલાં અમે આપની અમાનતો (કબ્જો) આપવા માટે પુરીપુરી કોશીશો કરશું.

અંતમાં હું અલ્લાહતઆલાનો શુક્ર અદા કરૂં છું કે જેના ફઝલો કરમ વીતેલા વર્ષ દરમ્યાન અમારી સાથે રહયા અને દુઆ કરૂં છું કે ભવિષ્યમાં પણ અલ્લાહતઆલાના ફઝલો કરમ અમારી સાથે રહે તો સોસાયટી ચોકકસ-નિશંક રીતે પોતાની મંઝીલ પર પહોંચી રહેશે. સાથોસાથ આપ સૌનો પણ આભાર માનું છું કે સોસાયટીના દરેક કાર્યોમાં આપનો અમલી સાથ-સહકાર મળતો રહયો અને ખાસ કરીને આપણી સોસાયટીના માનદ મંત્રી જ. અલીમોહંમદ પીપરાણી તથા મેનેજીંગ કમીટીના સભ્યો અને ઓફીસ સ્ટાફનો કે જેમના સહકાર વગર આપણે આટલી કામ્યબી હાસીલ કરી શકયા ન હોત. ઉમ્મીદ રાખું છું કે ભવિષ્યમાં પણ આપ સૌનો અને ખાસ કરીને મેનેજીંગ કમીટીના સભ્યોનો અમલી સહકાર મળતો રહેશે. વસ્સલામ

# ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ

### ની મેનેજીંગ કમીટી વતી માનદ મંત્રી

## જનાબ અલીમોહંમદ પીપરાણીએ

### રજુ કરેલો સંસ્થાનો

# ૧૬મા વાર્ષીક ઓડીટ હિસાબ-કિતાબ અને પ્રવૃત્તિઓનો અહેવાલ



માનવંતા પ્રમુખ સાહેબ,
માનનીય કારોબારી સમીતીના સભ્યો તથા
સોસાયટીના મોહતરમ પ્લોટ હોલ્ડરો,
બહેનો અને ભાઇઓ,

અસ્સલામો અલયકુમ,

ખુદાવંદ કરીમના ફઝલો કરમથી અને તેની અપાર રહેમતોના પરિણામે સંસ્થાએ પ્રવૃતિઓથી ભરપુર પોતાનો ૧૬મો વર્ષ પુરો કરીને હવે ૧૭મા વર્ષમાં શુભ પ્રવેશ કરી રહી છે.

અહેવાલવાળા વર્ષ દરમ્યાન આપ ભાઇ-બહેનોના મળેલા સાથ-સહકારના પરિણામે ગત વર્ષમાં સંસ્થાએ બજાવેલી કામગીરીનો અહેવાલ આપની સમક્ષ રજુ કરતાં હું બેહદ ખુશી અનુભવું છું.

## ગામવાદથી પર સંસ્થા

આ હકીકતથી આપ સૌ સારી પેઠે જાણકાર છો કે આપણી સંસ્થા ગામવાદથી પર રહીને કોમની સમુહ વસાહત ઉપર ગંભીર રીતે કામ કરી રહી છે. આપણી સંસ્થામાં વધુ પડતા સભ્યો મધ્યમ અને ગરીબ વર્ગથી સંબંધ ધરાવે છે. જેમાં નિરાધાર એવા ભાઇઓનું પ્રમાણ સારા જેવું છે.

## ચુંટણીઓ

મને આ વાત જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે ૧૯૮૩ જુલાઇથી જયારથી નવી મેનેજીંગ કમીટીએ આ સંસ્થાની જવાબદારીઓ સંભાળી છે ત્યારથી નિયમીત રીતે દર વર્ષે વાર્ષિક ચુંટણીઓ, વાર્ષિક હિસાબ-કિતાબ અને વાર્ષિક સભાઓ યોજવામાં આવતી રહી છે. ગયા વર્ષે તા. ૭જી ઓકટોબર ૧૯૮૬ના મળેલી ૧૫મી વાર્ષિક સામાન્ય ચુંટણીઓમાં ફરી એક વાર મોહતરેમા ઇશરત હનીફ મોતીવાલા સાહેબા બિનહરીફ પ્રમુખ તરીકે ચુંટાઇ આવ્યા હતા અને મેનેજીંગ કમીટીમાં પુનઃ જ. ઇકબાલ માંગરોલવાલા, જ. મો. હનીફ ઐયુબ, તથા આ નાચીજ અને નવા સભ્ય તરીકે જ. હારૂન અ. રહીમ મારફાણી, અલીમહંમદ માયા, તથા જ. અ. અઝીઝ સુલેમાન એમ કુલ ૬ જણા મેનેજીંગ કમીટીના સભ્યો તરીકે બિનહરીફ ચુંટાયેલા જાહેર કરાયા હતા.

CamScanner

## ચુંટણી કમીશન

આ વર્ષે સતત ત્રીજા વર્ષમાં પણ જ. હાજી ઉમર ઇશાની સાહેબે ઇલેકશન કમીશનર તરીકે પોતાની માનદ સેવાઓ આપી હતી. જે માટે આપણે તેમના આભારી છીએ.

## આંતરિક વિકાસ

કારોબારી કમીટી સંસ્થાના વસાહત યોજનાના આંતરિક વિકાસ કાર્યને શરૂઆતથીજ એક વિકટ કાર્ય સમજીને તેને જેમ બને તેમ જલ્દી શરૂ કરવાની નેમ ધરાવતી હતી. તા. ૧૭–૮–૮૫ના અખબારોમાં આંતરિક વિકાસના પહેલા કામ માટે ટેન્ડરો માંગવામાં આવ્યા હતા. જેના જવાબ રૂપે અનેક ઓફરો મળી હતી અને તેમાંથી મેસર્સ લઇક બશીર એસોસીએશનને પસંદ કરીને તેમની ઓફર મંજુર થતાં તેઓ તા. ૨૮–૧૦–૮૫થી આંતરિક વિકાસનો પહેલો તબકકો જેમાં જંગલની સફાઇ. જમીનની લેવલીંગ અને ખાડાઓ તથા બંને સેકટરોમાં નાના મોટા નાળાઓ અને ખાસ કરીને સેકટર ૧૫–એમાં ૯૩૦ ફીટનો મોટા નાલાની ભરપાઇનું કામ તેમજ વ્યકિતગત પ્લોટોનું તથા કોમરશીયલ પ્લોટોનું અને આંતરિક રસ્તાઓનું ડીમારકેશન પુરૂં કરી લેવામાં આવ્યું છે આ કામ ડીસેમ્બર ૧૯૮૫માં પુરૂં થઇ શકતું હતું પણ તેમાં લગભગ નવ દસ મહીનાનો વિલંબ થયો છે તેનું કારણ કમીટીના અમુક સભ્યોની અસહકારભરી નિતી જવાબદાર રહી છે. આંતરિક વિકાસના આ પહેલા તબક્કા ઉપર રૂા. ૪ લાખ ૮૭ હજારનો ખર્ચ આવ્યો હતો.

## આંતરિક વિકાસનો બીજો તબકકો

પહેલો તબકકો જુલાઇ ૧૯૮૬માં પુરો થઇ જતાં ઓગસ્ટમાં બીજા તબકકામાં ગટર લાઇન નાખવાના ટેન્ડર માંગવામાં આવ્યા અને તેમાં પણ ઘણા બધા કોન્ટ્રેકટરોએ ઓફરો મોકલાવી હતી. જેમાંથી મેસર્સ નેફકો કોર્પોરેશનને આ કામ માટે પસંદ કરવામાં આવ્યા હતા અને તેમની ઓફર મંજુર કરાતાં તેઓએ તા. ૩૦-૧૨-૮૬થી આંતરિક વિકાસના બીજા તબકકાનું કામ શરૂ કરી દીધું હતું. લગભગ રૂાં. ૧૭ લાખના ખર્ચના અંદાજા સહિતનું આ કામ આ વર્ષના ઓકટોબર સુધી ઇન્શાઅલ્લાહ પુરૂં થઇ જવાની ઉમ્મીદ છે. આ કામ માટે ગટર પાઇપ ખરીદવા માટે કમીટીએ એક પાઇપ ખરીદી કમીટી નીમી હતી જે કરાચીની લગભગ બધી પાઇપ ફેકટરીની મુલાકાત લઇને અંતે મેસર્સ પાકિસ્તાન પાઇપ ફેકટરીની પસંદગી કરીને તેમને પાઇપનો ઓર્ડર આપ્યો છે. તેમના પાઇપની કવોલીટીનું ધોરણ બહુજ સારૂં છે.

## આંતરિક વિકાસનો ત્રીજો–ચોથો તબકકો

ઉપર જણાવેલા આંતરિક વિકાસના બીજા તબકકા–ગટર લાઇનનો કામ ઇન્શાઅલ્લાહ ઓકટોબર સુધીમાં પુરૂં થઇ જશાં તરત જ આંતરિક પાણીની લાઇનોનું કામ શરૂ કરવામા આવશે અને કામ ત્રણ–ચાર માસમાં પુરૂં થઇ જતાં કબ્જાઓ આપી દેવાનો કાર્યક્રમ છે અને તે પછી છેલ્લે એટલે કે ચોથા તબકકામાં આંતરિક રસ્તાઓ તથા ઇલેકટ્રીક અને ગેસની લાઇનોનું કામ હાથ ધરવામાં આવશે.

## ઇન્જીનીયરની નીમણુંક

મેમણ નગરમાં થઇ રહેલો આંતરિક વિકાસ કાર્ય બેહદ ટેકનીકલ ધોરણનો હોવાથી તે માટે સોસાયટીએ M/s. M. A. Consultantsને સોસાયટીના કન્સલટીંગ ઇન્જીનીયર તરીકે નિમણુક કરી છે. તેઓ ટાઉનશીપનો બહોળો અનુભવ ધરાવે છે અને સ્કીન ૩૩ની બીજી હ ઉસીંગ સોસાયટીઓના વિકાસ કાર્ય સાથે સંકળાયેલા છે.

## એલોટમેન્ટ ઓર્ડર

ગયા વર્ષના રિપોર્ટમાં જણાવ્યા મુજબ મેને-

સંગ કમીટીએ એલોટમેન્ટ ઓર્ડર વહેલી તકે આપી દેવાની કોશીશો શરૂ કરી હતી અને તે માટે તા. ૧૭મી જુલાઇ ૧૯૮૭ના એક ભવ્યક સમારંભ યોજવાની તમામ તૈયારીઓ સંપુર્ણ કરી લેવામાં આવી હતી. અને તે માટેના આમંત્રણ કાર્ડો તથા જરૂરી સરક્યુલર વ્યક્તિગત રીતે ટપાલ દ્વારા રવાના કરાયા હતા પણ અફસોસ સાથે નોંધ લેવાનું કે જલસાના ૪૮ કલાક પહેલાં એટલે કે તા. ૧૪મી જુલાઇ ૧૯૮૭ના સાંજના ૭ વાગે કરાચી શહેરના સદર જેવા ભવ્યક ઇલાકામાં બનેલી કરૂણ બોંબ હોનારતમાં એકસો જણા નિર્દોષ માર્યા ગયા અને તેમના શોકમાં પુરા સિંધ પ્રાંતમાં ત્રણ દિવસનો શોક જાહેર કરવામાં આવતાં તા. ૧૫મી જુલાઇના આપણે પણ મજકુર સમારંભ જ. અલહાજ ઝકરિયા કામદાર સાહેબના મશવેરા પછી મુલતવી રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. તે પછી પણ ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસમાં શહેરમાં તંગદીલી ભરેલી પરિસ્થિતી અને કર્ફ્યુ વગેરેના કારણે મજકુર જલસો તા. ૨જી ઓક્ટોબર ૧૯૮૭ના યોજવામાં આવ્યો હતો જેમાં સ્થાનિક તંત્રો, ગ્રામ્ય વિકાસ અને કચ્છી આબાદીઓ માટેના પ્રાંતિક પ્રધાન જ. કે. એસ. મુજાહીદખાન બલોચ મુખ્ય મહેમાન તરીકે પધારવાના હતા. પણ છેલ્લી ઘડીએ તેમની સરકારી રોકાણોના કારણે દિલગીરી દર્શાવતાં, અને અલહાજ ઝકરીયા કામદારની ટાઇમસરની કોશીશોથી સિંધ સરકારના મઝદુર, અવકાફ, મઝહબી બાબતો અને માહીગીરીના પ્રાંતિક પ્રધાન જ. અબ્બાસ બાવઝીર સાહેબ મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. અને પ્રમુખ તરીકે આપણા સૌના હિતેચ્છુ જ. અલહાજ ઝકરિયા કામદાર સાહેબ પધારેલા હતા. મજકુર જલસાને લગતો સંસ્થાનો અહેવાલ આપ સાહેબોએ અખબાર દ્વારા વાંચ્યો હશે. હું આ તકે જલસા સબ-કમીટીના તમામ સભ્યોનો તથા તેમના બીજા અન્ય સાથીઓનો ઘણોજ આભારી છું કે તેઓ પોતાના કીમતી સમયનો ભોગ આપીને મજકુર જલસાને ખરેખર કામ્યાબ બનાવ્યો. મારી આપ તમામ સભ્યોને વિનંતી છે કે એલોટમેન્ટ ઓર્ડર આપવાનું કામ બહુજ ઝડપી રીતે થઇ રહયો છે એટલે આપ તમામ સાહેબોને પોતાના એલોટમેન્ટ ઓર્ડર સંસ્થાની ઓફિસેથી મેળવી લેવાની આગ્રહભરી અપીલ કરું છું.

## કે. ડી. એ. ડેવલોપમેન્ટચાર્જીસ

અહેવાલવાળા વર્ષ દરમ્યાન K.D.A. ના આઉટડોર ડેવલોપમેન્ટ ચાર્જના ચોથા હફતા પેટે સોસાયટીએ રૂ. ૬ લાખ ભરપાઇ કરી દીધા છે અને હવે માત્ર રૂ. ૭,૬૮,૦૦૦ ભરવાના બાકી છે જે સંસ્થાએ અત્યારે રોકી રાખ્યા છે, કારણ કે ઇવેકયુ ટ્રસ્ટ પ્રોપર્ટી ખાતાની સાથે સેક્ટર ૧૫ એ ઉપર તેમનો ૦।। એકર જમીનના કબ્જાનો દાવો ચાલી રહયો છે. તેનો નિકાલ પણ ઇન્શાઅલ્લાહ ચાલુ વર્ષમાં થઇ જશે આ માટે આપણા પાડોશમાં આવેલી ન્યુ લ્યારી કો-ઓપ. સોસાયટીના સાથે સંયુક્ત પ્રયાસો થઇ રહયા છે.

## બિનમેમણ સભ્યપદ

મને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે છેલ્લા ત્રણ વર્ષની એકધારી કોશીશો પછી આપણે ઇમદાદ હુસેન જુણેજોના ચાર કેસોનો નિકાલ લાવવામાં સફળ થયા છીએ. રજીસ્ટ્રાર એ ફીસની મધ્યસ્થી દ્વારા મજકુર ચાર કેસોનું રીફન્ડ કરી દેવામાં આવ્યું છે. હવે ફકત જ. બરકતઅલી ઇશાની બંધારણીય અરજી દ્વારા હાઇ કોર્ટમાં અરજી કરી છે તે કેસ હાઇ કોર્ટમાં સુનવણી હેઠળ છે. મજકુર કેસમાં તેમના અસલ સભ્ય જ. અ. રઝઝાક હુસેને હૈદ્રાબાદવાલા પણ એક પાર્ટી તરીકે અરજી દાખલ કરી છે. હું આપ સૌને અપીલ કરું છું કે આપ સૌ બારગાહે ઇલાહીમાં દુઆ કરો કે અલ્લાહતઆલા સોસાયટીના હકમાં જે બહેતર હોય તે કરે આમીન.

CamScanner

## ઇલેકટ્રીક લાઇન

મને એ વાત પણ જણાવતાં ઘણીજ ખુશી થાય છે કે ઇલેકટ્રીકની લાઇન બાબત સોસાયટીની કોશીશો સતત જારી છે ઉમ્મીદ છે કે ઇન્શાઅલ્લાહ તઆલા આવતા વર્ષમાં સેકટર ૧૩A માં ઇલેકટ્રીક લાઇન મળી જશે. આથી હું તમામ સભ્યોને વિનંતી કરીશ કે તેઓ ઇલેકટ્રીકના અરજી ફોર્મ ભરીને સોસાયટીની ઓફિસમાં જમા કરાવી આપે.

## પાસબુકો અને શેર સર્ટીફીકેટો

જે સભ્યો હજુ સુધી પાસબુક તથા શેર સર્ટીફીકેટ વસુલ કરી શકયા નથી તેમનાથી વિનંતી છે કે તેઓ આ બન્ને ચીજો જેમ બને તેમ વહેલી તકે સંસ્થાની ઓફિસથી મેળવી લ્યે. કારણ કે એલોટમેન્ટ ઓર્ડર લેવા સમયે આ બન્ને વસ્તુઓ આપના પાસે હોવી જરૂરી છે.

## સંસ્થાની નાણાકીય સ્થિતી

અલ્લાહતઆલાના ફઝલો કરમથી સંસ્થાની નાણાકીય સ્થિતી દિન પ્રતિ દિન સુધરતી જઇ રહી છે. જે આપ રિપોર્ટની સાથે આપવામાં આવેલી ૩૦ જુન ૧૯૮૭ની બેલેન્સશીટમાં જોઇ શકશો.

૧૯૮૩ જુલાઇમાં જયારે આપણી ચુંટાયેલી મેનેજીંગ કમીટીએ ચાર્જ સંભાળ્યો હતો ત્યારે સોસાયટી પાસે પગાર આપવા માટે પણ પૈસા ન હતા. અમે આપસમાં ઉધાર-ઉછીના લઇને સ્ટાફને પગાર આપ્યો હતો. જયારે કે આજે આટલો પ્રગતિદાયક કામ ચાલુ છે તે છતાં પણ ફીકસ ડીપોઝીટમાં ૧૯૮૩-૮૪ના અંતે રૂા. નવ લાખ. ૧૯૮૪-૮૫માં ૧૨ લાખ. ૧૯૮૫-૮૬માં રૂા. ૧૫ લાખ અને અત્યારે ૧૯૮૬-૮૭ના અંતે રૂા. ૨૭ લાખ સુધીની રકમ પહોંચી ગઇ છે. જે ટ્રાન્સફર સંસ્થાની સધ્ધર નાણાકીય હાલતનો ચિતાર આપે છે.

## સભ્યોની વસુલી

મને આ જણાવતાં અફસોસ થાય છે કે સંસ્થાની નાણાંકીય સ્થિતી હજી પણ વધુ મજબુત થઇ શકે છે. જો સભ્યો પોતાના ઉપર નીકળતી લેણાની રકમો અને હફતાઓની રકમો સમયસર ભરપાઇ કરી આપે. મારી આપ સૌને આજીજીપુર્વક વિનંતી છે કે સોસાયટીની લેણી નિકળતી રકમો અને હફતાઓ અગર આપ સમયસર ભરપાઇ કરી આપો તો આપનું પોતાનું જ કામ જલ્દી આટોપાઇ જશે.

## માજી ઓહદેદારો વિરૂધ્ધ ચાલુ રહેલી કાર્યવાહી

ગયા વર્ષના રીપોર્ટમાં જણાવ્યા મુજબ માજી ઓહદેદારો જેમાં ઉપ પ્રમુખ જ. અ. સતાર સીલાટ માનદ મંત્રી જ. અમીન અબ્રાહાની વિરૂધ્ધ ઉચાપત કરાએલી રકમની વસુલી માટે સીન્ધ હાઇકોર્ટમાં કેશ ચાલી રહયો છે તેવીજ રીતે માજી એડમીન્સ્ટ્રેટર જ. મસુદ મોરઝા વિરૂધ્ધ એન્ટીકર્પશન (સડા વિરૂધ્ધ ખાતા)માં કારવાહી ચાલી રહી છે. આપ સહુથી મારી અપીલ છે કે આપ બ.રગાહે ઇલાહીમાં દુવા કરો કે અલ્લાહતાઆલા સોસાયટીના હકમાં જે બહેતર હોય તે ફરમાવે આમીન.

## અવકાફ ડીપાર્ટમેન્ટ

ગયા વર્ષના રિપોર્ટમાં જણાવ્યા મુજબ ઇવેકયુ ટ્રસ્ટ પ્રોપર્ટી ખાતા તરફથી સેકટર ૧૫Aની જમીન ઉપર ૫૦ X ૪૭૦ ફીટ જમીનની એક પટ્ટી જે લગભગ ૦॥ એકર થઇ જાય છે તેના પર તેમનો દાવો છે. આ બાબયેમાં સોસાયટી પોતાવા બચાવ દસ્તાવેજો ધરાવે છે અને તેમના વાંધા-દાવાને પડકાર આપ્યો છે, આપ દુઆ કરો કે અલ્લાહ તઆલા આપણા હકમાં જે બહેતર હોય તે કરે. આમીન.

CamScanner

## ટ્રાન્સફર

અમારી અગાઉની જાહેરાતોમાં એલોટમેન્ટ ઓર્ડરની વહેંચણી પછી ટ્રાન્સફર ખોલી દેવાનું અમે વચન આપ્યું હતું હવે જ્યારે કે એલોટમેન્ટ ઓર્ડર આપવાનું કામ શરૂ થઇ ચુક્યું છે એટલે હું આજની આ વાર્ષિક સભાના અવસરે જાહેરાત કરું છું કે અમારી આ નવા વર્ષની પહેલી જ મીટીંગ જે આ માસના અંત સુધીમાં મળવાની આશા છે તેમાં ટ્રાન્સફર ખુલ્લો મુકવાની જરૂરી કાર્ય-પધ્ધતિ નક્કી કરી લેવામાં આવશે. અને હવે વગર વિલંબે ઇન્શાઅલ્લાહતઆલા ટ્રાન્સફર ખોલવાની જાહેરાત ૧લી નવેમ્બર ૧૯૮૭ સુધી કરી દેવામાં આવશે.

## મીટીંગો

રિપોર્ટવાળા વર્ષ દરમ્યાન કારોબારી સમીતીની કુલ ૧૨ મીટીંગો મળી હતી આ મીટીંગોમાં સભ્યોની હાજરી એકંદરે ઠીક રહી હતી. પણ સંતોષકારક નહોતી મને એ જણાવતાં દુઃખ થાય છે કે કમિટીના અમુક સભ્યો સંસ્થાની પ્રવૃતિઓમાં ઓછો રસ દેખાડે છે અને ઘણી ખરી મીટીંગોમાં તેમની ગેરહાજરી રહે છે, તેમજ પોતાની આન અને વલણને સોસાયટીનાં હીતો ઉપર સરસાઇ આપે છે. આ રીત યોગ્ય નથી. હકીકત એ હોવી જોઇએ કે નેકનિયતીથી કામ કરો અને વલણ કે આનને સોસાયટીના હીતો ઉપર સરસાઇ આપો નહીં. મને આશા છે કે આવતા આવતા વર્ષની ચુંટાએલી કમેટીના સભ્યો પોતાની જવાબદારીઓ પુરી ઇમાનદારી અને નેક નિયતીથી અદા કરશે તો અલ્લાહ તઆલા પણ આપણી જરૂર જરૂર મદદ ફરમાવશે.

## સહકાર સંયુકત મીટીંગો

મને આ જણાવતાં અત્યંત ખુશી થાય છે કે સેક્ટર ૧૩-A તથા ૧૫-A અને ૧૬-A વગેરે પહેલી સોસાયટીઓને આમાંથી ભરપૂર મદદ સહકાર મળી રહ્યો છે. આપણી સાઇટ ઓફિસ પર અવારનવાર પહેલી સોસાયટીઓની સંયુક્ત મીટીંગો અને ચર્ચા વિચારણા થતી રહી છે. ખાસ કરીને યુ ભરતી, મહીક કો-ઓપ., મારુતિ તથા કલ્પિતમાલા કો-ઓપ. સોસાયટી નોંધપાત્ર છે.

## સાઇટ ઓફીસ સેક્ટર 13-A

ગયા વર્ષના રિપોર્ટમાં જણાવ્યા મુજબ સેક્ટર ૧૩-A માટે પણ સાઇટ ઓફિસ ખોલી દેવામાં આવી છે. જેના ઉપર રૂા. ૧૮ હજારનો ખર્ચ આવ્યો. તે ઉપરાંત ત્યાં એક [illegible] પણ બાંધવામાં આવી છે. ગરમીના દિવસોમાં ત્યાં આસપાસમાં કામ કરતાં મજૂરો તથા રહેવાસીઓ આ સગવડનો પુરતો લાભ લઇ રહ્યા છે. મજકુર સાઇટ ઓફીસ પર એક ચોકીદાર પણ રાખી લેવામાં આવ્યો છે.

## સાઇટ સુપરવાઇઝર

આંતરિક વિકાસનો કાર્ય અત્યંત ઝડપથી આગળ વધી રહયો હોવાથી તેની રોજીંદા દેખરેખ માટે એક સાઇટ સુપરવાઇઝરની પણ નીમણુંક કરી લેવામાં આવેલ છે.

## પાણીના નકશા

આંતરિક પાણીની લાઇનોના નકશાની મંજુરી માટે કરાચી વોટર એન્ડ સેવરેજ બોર્ડમાં અરજી દાખલ કરી દેવામાં આવી છે અને તેની જલ્દી મંજુરી માટે સતત પ્રયાસો ચાલુ છે. ઇન્શાઅલ્લાહ તઆલા આ કામ પણ આ માસના અંત સુધીમાં પતી જશે એવી આશા છે મંજુરી મળી ગયા પછી પાણીની આંતરિક લાઇનો નાખવા માટે ટેન્ડર માંગવામાં આવશે.

CamScanner

## ડેવલપમેન્ટ સબ-કમીટી

મને આ જણાવતાં અત્યંત ખુશી થાય છે કે સોસાયટીના ઉપ-પ્રમુખ જ. મો. ઇકબાલ ઇસ્માઇલ માંગરોલવાલાની વડપણ હેઠળ રચાયેલી ડેવલપમેન્ટ સબ કમીટી પોતાનું કામ બહુ જ ખંતપુર્વક કરી રહી છે મને ઉમ્મીદ છે કે ભઇ ઇકબાલ મેમણ આવી જ ધગશથી કામ કરશે અને આપણો સૌનો તેમને સાથ-સહકાર મળી રહેશે. તો તેઓ સરળતાથી પોતાનું કામ આગળ ધપાવી શકશે અને જેમ બને તેમ જલ્દી પ્લોટોના કબ્જાઓ આપી શકાશે.

## મેમણ સોસાયટીઓનું ફેડરેશન

મને આ જણાવતાં અત્યંત ખુશી થાય છે કે આપણા બાનુ પ્રમુખ મોહતરેમા ઇશરત મોતીવાલાના આજના પ્રવચનમાં અપાયેલી વિગતો મુજબ મેમણ બિરાદરીની તમામ કો-ઓપ. હાઉસીંગ સોસાયટીઓનું એક વગદાર મંડળ "ફેડરેશન ઓફ મેમણ કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લી."ના નામથી કાયમ કરી લેવામાં આવ્યું છે. જેની કેમ્પ ઓફિસ આપણી સોસાયટીની ઓફિસમાં રાખવામાં આવી છે અને આપણા ઓફીસ સેક્રટરી જ રફીક નુર મજકુર ફેડરેશનને OSD તરીકેની પોંતાની માનદ સેવાઓ આપી રહયા છે.

## આભાર-દર્શન

અંતમાં હું સંસ્થાને હમેશા સાથ-સહકાર આપનારા કોમી અગ્રેસરો અને ખાસ કરીને પાકિસ્તાન સરકારના હજ બાબતોના સલાહકાર જ. અલહાજ ઝકરિયા કામદાર અને પેટ્રોલિયમ અને કુદરતી સાધનો બાબતના ફેડરલ પ્રધાન અને ઓલ પાકિસ્તાન મેમણ ફેડરેશનના પ્રમુખ જ. હાજી હનીફ તૈયુબ, જ. હાજી ઇબ્રાહીમ પાકોલાવાલા, યુનાઇટેડ મેમણ જમાતના પ્રમુખ. જ. અ. હફીઝ મેમણનો આભાર માનું છું કે જેઓ વખતો વખત પોતાનો કીમતી સમય આપીને સંસ્થાને પોતાની અમુલ્ય સલાહ-સુચનો અને માર્ગદર્શન આપતા રહયા છે. આ રિપોર્ટમાં હું આપણી સંસ્થાના બાનુ પ્રમુખ મોહતરેમા ઇશરત હનીફ મોતીવાલા સહેબાનો અને ઉપ પ્રમુખ જ. ઇકબાલ ઇસ્માઇલ માંગરોલવાલાનો અને જ. હારૂન રહીમ અ. મારફાણી સાહેબનો ખાસ આભાર માનું છું કે તેઓ વખતો વખત પોતાનો કીમતી સમય કાઢીને સંસ્થાની તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લેતા રહયા છે. તેમજ કારોબારી કમીટીના મારા સાથીઓનું પણ આભર માનું છું કે જેઓના માયાળુ સહકારના કારણે આપણે આટલા આગળ વધી શકયા છીએ. આ તકે હું ડી. સી. ઇસ્ટ જ. અશફાક મેમણ તથા તેમના બીજા અધીકારીઓ અને ડેપ્યુટી રજીસ્ટ્રાર જ. સીરાજ સાહેબ અને આસીસ્ટન્ટ રજીસ્ટ્રર જ. ઇબ્રહીમ ચન્ના અને તેમના સાથી અધીકારીઓનો તેમના માયાળુ સહકાર બદલ આભાર માનું છું. આ તકે જ. હાજી ઉમર અહમદ ઇશાની જેઓ વંથલી જમાતના અગ્રેસર છે. તેમના પણ અમે આભારી છીએ કે સતત ત્રીજા વર્ષે પણ સોસયટીના માનદ ઇલેકશન કમીશનર તરીકે પોતાની ઉમદા સેવાઓ આપીને આપણી સોસાયટીની ચુંટણીઓ કાયદેસરના નિયમો મુજબ નિષ્પક્ષ રીતે કરાવી આપી.

આ ઉપરાંત સંસ્થાના સમાચારોને પોતાના દૈનિક, પખવાડીક તથા માસિક પત્રોનાં યોગ્ય સ્થાન આપીને અમને સહકાર કરનાર 'ડોન ગુજરાતી' મિલ્લત'. 'વતન', તથાં 'મેમણ બુલેટીન.' મેમણ ન્યુઝ' અને 'મેમણ આલમ'ના તંત્રી સાહેબોનો પણ ખાસ આભાર માનું છું.

એ સિવાય આપણા કાનુની સલાહકાર જ. આરિફ અ. લતીફ અ. શકુર સાહેબનો અને જ. બિલાલ એડવોકેટનો સરફરાજ વકીલ તથા માજી પ્રમુખ જ. અ. મજીદ ફાઝલ સાહેબનો કે જેમના કાનુની સલાહ-સુચનો અને સાથ-સહકાર બદલ

CamScanner

આભાર માનું છું આ પ્રસંગે સંસ્થાને હંમેશા ભરપુર સાથ અને સહકાર આપનાર જ. અ. ગફાર હાશમ મોતીવાલાનો તથા સંસ્થાની મીટીંગો માટે ગૌસિયા હૉલ આપવા બદલ જ. હાજી નુરમોહમદ ઉકસવાલાનો આભાર માનું છું. તેમજ આપણા ઓફિસ સેક્રેટરીથી લઈને બધા ઓફિસ સ્ટાફનો અને સોસાયટીના કન્સલટીંગ ઇન્જીનીયર જ. એમ. આલમનો પણ તેમના ઉમદા કામ બદલ કદરદાનીપુર્વક આભાર માનું છું કે જેમનાં નામોનો અહીં ઉલ્લેખ નથી.

# ભાવી પ્રોગ્રમ

## ક્રેડીટ કો-ઓપ. સોસાયટી

સંસ્થાના સભ્યોને નાણાંકિય સહાય માટે એક સુવ્યવસ્થિત ક્રેડીટ કો-ઓપ. સોસાયટીની સ્થાપના ઇરાદો છે. જેથી જરૂરત સમયે સભ્યો આસાન અદાયગીની શરતે નાણાકીય લોન મેળવી શકે.

## કો-ઓપ. સ્ટોર

આવી જ રીતે મેમણ નગરમાં એક કો-ઓપરેટીવ સ્ટોર શરૂ કરવાંનો પણ ઇરાદો છે જેથી રોજીંદા જીવન જરૂરિયાતની વસ્તુઓ આસાનીથી અને કિફાયત ભાવે રહેવાસીઓને મળી શકે.

## ટ્રાન્સપોર્ટ સગવડ

મેમણ નગરના રહેવાસીઓની સગવડ માટે સોસાયટી પોતાની બસ સર્વીસ પણ ચાલુ કરવાની નેમ ધરાવે છે.

## હાઉસ બિલ્ડીંગ ફાયનાન્સ

સોસાયટીના સભ્યોને મેમણ નગરમાં પોતાના પ્લોટોના બાંધકામ માટે હાઉસ બીલ્ડીંગ ફાયનાન્સ કોરપોરેશનથી લોન મેળવી આપવાની કોશીશ કરવામાં આવશે.

## કોમર્શીયલ પ્લોટ

મેમણ નગરમાં રાખવામાં આવેલા કોમર્શીયલ પ્લોટો સભ્યો-રહેવાસીઓને લીલામ દ્વારા આપવામાં આવશે.

## મસ્જિદ માટે અપીલ

મેમણ નગરના બન્ને સેકટરોમાં એક એક મસ્જિદનું બાંધકામ પણ ઇન્શાઅલ્લાહ ટુંકમાંજ શરૂ કરવામા આવશે. કોમના સખીવજુદો અને સોસાયટીના સભ્યોથી વિનંતી છે કે તેઓ મસ્જિદ બાંધકામના નેક કામમાં સોસાયટીની પુરેપુરી મદદ કરે. આ માટે મસ્જિદ ફંડ કાયમ કરવામાં આવ્યો છે. જેમાં દરેક જણ પોતાનો ફાળો નોંધાવી શકે છે.

અંતમાં સંસ્થાનો આ વાર્ષિક રિપોર્ટ શાંતિથી સાંભળવા બદલ અને મને અવારનવાર સાથ-સહકાર આપવા બદલ આપ તમામ હાજરીનોનો અને સભ્યોનો પણ દિલી આભાર માનું છું.

ખુદાવંદ કરીમ આપણે સૌને નેક નિયત, ઇમાનદારી અને સંપથી કોમની ખિદમત કરવાની તોફીક અતા ફરમાવે.

વમા તવફીકી ઇલ્લા બિલ્લાહ (આમીન.)

CamScanner

# خطبۂ استقبالیہ

**تمام تعریفیں اللہ ربّ العزّت کے لئے ہیں جو دلوں کے حال بہتر جانتا ہے**
**اور درود و سلام حضرت محمد مصطفےٰ ﷺ پر جنہوں نے ہمیں دُکھی انسانیت کی خدمت کرنے کا درس دیا۔**

**عزّت مآب جناب عباس کا وزیر صوبائی وزیر محنت اوقاف، مذہبی امور اور باہمی پوری حکومت سندھ**

**مُعزّز خواتین و حضرات: السّلام علیکمُ و رحمۃ اللہ**

عالی قدر۔ گوناگوں مصروفیات و عدیم الفرصتی کے باوجود اس تقریب میں آپکی آمد نہ صرف میمن برادری کیلئے باعثِ افتخار و انبساط ہے۔ بلکہ آل میمن دیلفیئر کوآپریٹو ہاؤسنگ سوسائٹی کے لیئے موجب مسرّت و فخر ہے۔ یہ امر آپکی غریب پروری میمن برادری سے والہانہ انسیت اور مخلصانہ اندازِ فکر کا اظہر من الشمس ثبوت ہے۔ ہم اس عوام دوستی پر آپکے ممنون و مشکور ہیں۔

عالی مقام۔ آپکی ذاتِ والاصفات کسی تعارف کی محتاج نہیں۔ لیکن اجمالاً جناب کی خدمات کا اعتراف ہم اپنا فریضہ سمجھتے ہیں اس ضمن میں چند سطور بطور خراج عقیدت پیش کی جاتی ہیں۔ جناب والا۔ آپکی سماجی فلاحی خدمات بطور احسن ہیں۔ آپنے ٹریڈ یونین کے قیام اور مزدوروں کی خوشحالی۔ انکے حق و انصاف کی خاطر جو جدوجہد کی ہیں وہ کسی سے پنہاں نہیں۔ پاکستان کی پوری میمن برادری آپ کی سماجی و فلاحی خدمات پر خراج تحسین پیش کرتی ہے۔ ہم ان خدمات پر آپکو مبارکباد پیش کرنے کا شرف حاصل کرتے ہیں۔ نیز دعاگو ہیں کہ خداوند ذوالجلال والاکرام جناب کو اجرِ عظیم عطا فرمائے۔ آمین۔

جنابِ اعلیٰ: آل میمن ویلفیئر کوآپریٹو ہاؤسنگ سوسائٹی کیلئے یہ لمحہ باعثِ افتخار رہے کہ آپنے سوسائٹی کی زمین (میمن نگر) پر پہلی اور عالیشان مسجد کی بنیاد اور تقسیم الاٹمنٹ کی تقریب میں مہمانِ خصوصی ہونا قبول فرمایا۔ اور اس تقریب کو نہ صرف رونق بخشی بلکہ ہر ممبر کے لئے عموماً اور سوسائٹی کے عہدیداروں اور منتظمین کیلئے خصوصاً باعثِ تقویت ہے۔ میں بحیثیت صدر سوسائٹی آپ کی شکر گذار ہوں کہ آپنے انتہائی مصروفیات کے باوجود ہمارے لئے وقت نکالا اور عزّت بخشی اور اس کے علاوہ میں الحاج ذکریا کا ملدار صاحب مشیر برائے وزیر مملکت مذہبی امور حکومتِ پاکستان کی بھی شکر گذار ہوں کہ انہوں نے اس تقریب میں بحیثیت صدر جلسہ ہونا قبول فرمایا اور شرکت فرماکر ہمیں شکریہ کا موقع دیا۔

جنابِ عالی: قبل اسکے کہ میں آل میمن دیلفیئر کوآپریٹو ہاؤسنگ سوسائٹی کی تفصیل بیان کروں میں امداد باہمی کے زیر اثر ہاؤسنگ سوسائٹیز کے بارے میں ایک سرسری جائزہ پیش کرنا چاہوں گی۔

قیام پاکستان کے وقت کراچی میں امداد باہمی کی ہاؤسنگ سوسائٹیوں کی تعداد ۲۲ تھی۔ اسی طور پر حیدرآباد میں ۲۳ اور سکھر میں ایک اس طرح صوبۂ سندھ میں کل ۴۶ ہاؤسنگ سوسائٹیاں تھیں لیکن آج خدا کے فضل و کرم سے کراچی میں ۷۶۱ حیدرآباد ڈویژن میں ۲۲۸ اور سکھر ڈویژن میں ۳۱ یعنی ۱۰۲۰ ہاؤسنگ سوسائٹیاں موجود ہیں۔

CamScanner

ے رہائشی مسائل کے حل کے سلسلے میں تقریباً ایک چوتھائی سے زیادہ رہائشی منصوبے ان کے مرہون منت ہیں۔ مزید برآں اسکیم ۳۳ (گلزار ہجری) اور ادارہ ترقیات حیدرآباد کے "گلشن شہباز" جیسے جامع منصوبے وجود میں آچکے ہیں اور کراچی حیدرآباد میں تقریباً ۱۵۰ سوسائٹیوں کو قطعات اراضی الاٹ ہوچکے ہیں اور سوسائٹیاں اپنے ترقیاتی کاموں کے لیے بنیادی منصوبہ بندی میں مصروف ہیں۔

اسکیم ۳۳ جو برصغیر ایشیا کی سب سے پہلی اور سب سے بڑا رہائشی پروجیکٹ ہے وہ تکمیل کے مراحل میں ہے اور خدا کے فضل وکرم سے اس اسکیم میں شمولیت کے بعد ہم بھی رہائشی مسئلہ کے حل میں گوناگوں مصروف ہیں۔ تاکہ وزیراعظم پاکستان جناب محمد خان جونیجو صاحب کے پانچ نکاتی پروگرام کو عملی جامہ پہنانے میں ان کا ہاتھ بٹا سکیں۔

**جنابِ عالی:** اس مختصر سے کوآپریٹو سوسائٹیوں کے تعارف کے بعد ہم اس تقریب کے موضوع پر آتے ہیں۔

یہ سوسائٹی ۱۹۷۱ء میں قائم کی گئی۔ اس سوسائٹی کو قائم کرنے کا مقصد بے گھر لوگوں کو پلاٹ و مکان کی سہولتیں فراہم کرنا ہے اور یہی وجہ ہے کہ ہم نے سوسائٹی میں زیادہ تر ایسے ممبران کو عزت بخشی جو یا تو متوسط طبقے سے تعلق رکھتے ہیں یا وہ بے سہارا بیوہ عورتیں ہیں جن کے لیئے باقی زندگی کا یہی ایک سہارا ہے۔ ہم نے اس ادارے میں انتھک کوشش کے بعد اسکیم ۳۳ میں مندرجہ ذیل زمین حاصل کی تاکہ ہماری قوم کی آبادی کے مسئلہ کو کسی حد تک کم کیا جاسکے۔

سیکٹر نمبر A-15 میں = 25 ایکڑ
سیکٹر نمبر A-13 میں = 15 ایکڑ
کُل = 40 ایکڑ

سوسائٹی کی کُل 40 ایکڑ زمین پر مندرجہ ذیل تین اقسام (Catagory) کے پلاٹوں میں تقسیم کیا گیا ہے۔ جس کی تفصیل مندرجہ ذیل ہے۔

| کیٹیگری | تعداد پلاٹ |
|---|---|
| ۱۲۰ مربع گز | 301 |
| ۲۴۰ مربع گز | 221 |
| ۴۰۰ مربع گز | 61 |
| | 583 پلاٹ |

جبکہ کمرشیل پلاٹوں کی کل تعداد 96 ہے۔

اور اس کے علاوہ ہمارے پلان کے مطابق اس میں مسجد مدرسے، ہسپتال، اسکول، کمیونٹی ھال اور پلے گراؤنڈ غرض یہ کہ زندگی کی روزمرہ سہولتوں کا خاص طور پر خیال رکھا گیا ہے۔

جناب عالی:۔ یہ سوسائٹی شاید بہت پہلے اس آبادکاری کے مسئلہ سے چھٹکارا حاصل کر لیتی اور ممبران کے خواب بھی پورے کر چکی ہوتی لیکن ابتداء میں غیر ذمہ دار قیادت نے نہ صرف اس سوسائٹی کو نقصان پہنچایا بلکہ صفحۂ ہستی سے مٹا دینے کا مصمم ارادہ کیا۔ لیکن شاید خداوند قدوس کو ہم پر رحم آگیا۔ عین اُسی دن جب سوسائٹی ایک زبردست بحران کا شکار تھی تو جناب ذکریا کامدار صاحب نے بروقت مداخلت اور مدد کرتے ہوئے بیواؤں اور یتیموں کا حق بچایا۔ میری دُعا ہے کہ خداتعالیٰ انہیں اسکی جزا عطا کرے۔ آمین۔

**جناب عالی!** ہم اس تقریب کے توسط سے گورنر سندھ جناب اشرف تابانی صاحب کا بھی شکریہ ادا کرتے ہیں کہ انہوں نے ۱۹۸۲ء میں جب وہ سندھ کے وزیر خزانہ تھے تو انہوں نے انتہائی اہم کردار ادا کرتے ہوئے سوسائٹی کو بحال کرانے میں ہماری مدد فرمائی جس کے لئے ہماری مینیجنگ کمیٹی ان کی شکر گذار رہے گی۔

مذکورہ بالا بحران سے نمٹنے کے لئے ۸ رجولائی ۱۹۸۳ء کو سالانہ انتخابات کرائے گئے تاکہ ایسی قیادت سامنے آسکے جو اس سوسائٹی کو نئے سرے سے جلا بخشے۔

ہمارے سامنے ایک نصب العین تھا وہ یہ کہ اس رہائشی مسئلے کو جلد از جلد مکمل کیا جاسکے۔ لہٰذا سخت جدوجہد کے بعد مندرجہ ذیل ایسے کام انجام دیئے گئے جو رہائشی مسئلے کے اہم جزو تھے۔ جس کی تفصیل مندرجہ ذیل ہے۔

سوسائٹی کے حساب کتاب اور آفس کے دیگر معاملات میں نہ صرف بے قاعدگیوں کو دور کیا بلکہ انہیں نئے طرز پر از سر نو مرتب کیا گیا۔

ممبران کی صحیح اور مکمل فہرست کو تیار کیا گیا۔

سوسائٹی کی زمین سیکٹر A-۱۳ اور A-۱۵ پر سائیٹ آفس کا قیام عمل میں لایا گیا۔

زمین کا سروے کرنے کے بعد ڈیمارکیشن کا کام کیا گیا۔

۲۹ مارچ ۱۹۸۵ء کو بذریعہ قرعہ اندازی ممبران کو پلاٹ نمبر الاٹ کر دیئے گئے۔

شیئر سرٹیفکیٹ اور پاس بک ہر ممبر کو جاری کئے گئے۔

سیکٹر نمبر A-۱۳ پر بیسل بھی قائم کر دی گئی۔

اندرونی ترقیاتی کاموں کے پہلے مرحلے کو تکمیل تک پہنچا دیا گیا ہے۔

CamScanner

(۹) اور اب دوسرے مرحلے میں سیوریج لائن کا کام شروع کرا دیا گیا ہے۔
(۱۰) اس کے بعد پانی کی لائن بچھانے کا کام شروع کرایا جائے گا۔ امید کی جاتی ہے کہ اس سال کے آخر تک یہ کام مکمل ہو سکے گا۔ جسکے بعد فوراً ممبران کو پلاٹ کا قبضہ دے دیا جائے گا۔

جنابِ عالی: یہ ہماری کارکردگی کا مختصر جائزہ تھا۔ امید ہے کہ آپ ہماری ان کاوشوں کو ضرور سراہیں گے۔ میں یہاں یہ بتانا ضروری سمجھوں گی کہ اس سوسائٹی کے رہائشی مسئلے کو حل کرنے میں اراکین مینیجنگ کمیٹی کی کاوشوں کا اہم رول ہے۔ اور خاص طور پر سوسائٹی کے وائس پریذیڈنٹ جناب اقبال مانگرو والا صاحب اور جنرل سیکرٹری جناب علی محمد پیرانی اور آفس سیکریٹری رفیق نور صاحب اور جناب ہارون مارفانی صاحب کا کردار بھی قابلِ ستائش ہے۔ ان سب کے اتحاد کی وجہ سے آج ہم اس منزل تک پہنچ سکے ہیں۔

جناب والا۔ آخر میں چند گذارشات ہیں جن کی فراہمی سے ہمیں اس رہائشی مسئلے کو مکمل کرنے میں آسانی ہوگی۔ اور یہ اس وقت ممکن ہو سکے گا کہ آپ ہماری گذارشات کو پورا کرنے میں ہماری مدد فرمائیں۔ آپ کی توجہ ممبران سوسائٹی کے لیے راحت کا سماں پیدا کردے گی۔ اور ان کی امیدوں کو پورا کریگی۔

جناب والا۔ (۱) ترقیاتی اور تعمیراتی منصوبوں کی تکمیل کے لیے پانی کی سپلائی ایک اہم جزو ہے ہم آپ سے اور کراچی واٹر اینڈ سیوریج بورڈ سے یہ التماس کریں گے کہ جلد از جلد پانی کی فراہمی کے احکامات جاری کیے جائیں تاکہ باقی ماندہ ترقیاتی کام تکمیل کی منزل تک پہنچ سکیں۔
(۲) آبادکاری کے مسئلہ میں بجلی اور گیس کی سپلائی ایک اہم جزو ہے اور اس مسئلے کے حل کے لیے ہم آپ سے اور کراچی الیکٹرک سپلائی کارپوریشن۔ سوئی گیس کے اداروں سے بھرپور تعاون کی امید رکھتے ہیں۔ اگر بجلی اور گیس کی فراہمی کو جلد از جلد فراہم کردیا گیا تو میمن نگر کا رہائشی مسئلہ نہ صرف تکمیل کو پہنچے گا بلکہ ممبران کی خواہشات پوری ہو جائیں گی۔
(۳) سیکٹر 13-A اور 15-A کے گرد و نواح میں K.D.A. کے منصوبے میں "کوریڈر" اسکیم کے تحت (F-7) سائیٹ فلیٹ کی منصوبہ بندی کی گئی ہے۔ ہم آپکے توسط سے K.D.A. سے یہ التماس کرینگے کہ وہ ہمیں 7 ہم سائیٹ پر زمین الاٹ کردے تاکہ ایسے ممبران جو سیکٹر 13-A اور 15-A میں گنجائش نہ ہونے کی وجہ سے پلاٹ سے محروم رہ گئے ہیں ان کو ہم آباد کرا سکیں۔

آخر میں آپکا ایکبار پھر شکریہ ادا کرتی ہوں اور احسانمند ہوں کہ آپنے اس تقریب کو اپنی آمد سے بارونق۔ بامقصد اور تاریخ ساز بنایا۔ میں تمام ممبران اور خواتین و حضرات کی انتہائی مشکور ہوں جن کی بدولت یہ تقریب کامیاب پایۂ تکمیل کو پہنچی۔

شکریہ

CS CamScanner